



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વચનામૃત ગઢડા પ્રથમ ૭૧ : 'ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે'નું નિરૂપણ
૨૦ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**શ્રીજીમહારાજ બોલ્યા જે, 'હવે કીર્તન-ભક્તિની સમાપ્તિ કરીને માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.' પછી સોમલે ખાચરે પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે, પણ એવો કયો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ?'**

સરસ પ્રશ્ન પૂછ્યો. ભગવાન દયાળુ છે, અધમ ઉદ્ધારણ છે, પતિતપાવન છે, દયાના સાગર છે, કૃપાસિંધુ છે; કેટલાં બધાં વિશેષણો મહારાજને આપ્યાં છે ! અને મહારાજ એવા છે એટલે આવાં વિશેષણ આપ્યાં છે. આપણે ગમે એવા પાપી હોઈએ, અધમ હોઈએ, પણ ભગવાનને શરણે જઈએ, ભગવાન આગળ એકરાર કરીએ અને પ્રાર્થના કરીએ તો ભગવાન માફ કરી દે છે. સોમલા ખાચર-એક કાઠી દરબારે આ પ્રશ્ન કર્યો, 'ભગવાન સર્વ અપરાધ માફ કરે છે, પણ એવો કયો અપરાધ છે જે ભગવાન માફ નથી કરતા ?'

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા, માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં.'**

જોબન વડતાલો-ખૂનામરકી, ખાવા-પીવામાં બેફામ-બધી રીતે પૂરા હતા, પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણાગત બન્યા અને પ્રભુને સમર્પિત થયા તો ભગવાને એમનું બધું માફ કરી દીધું. અને એમની અભીપ્સાથી, એમની લાગણીથી, એમના આગ્રહથી શ્રીજી મહારાજ શ્રી હરિકૃષ્ણ મહારાજ રૂપે વડતાલ ધામમાં અખંડ બિરાજમાન રહ્યા. બાકી, જોબનને કોઈ પેસવા પણ ના દે, એમની પાસે કોઈ ઊભુંય ના રહે એવા અપરાધી માણસ; પણ ભગવાને બધું માફ કરી અક્ષરધામના અધિકારી બનાવ્યા, સૌના પ્રિય બનાવ્યા.

ભગવાન કહે, 'આવા લોકોને હું માફ કરું છું, પણ મારા ભક્તોનો દ્રોહ કરે એ અપરાધને હું માફ કરતો નથી.' એટલે આપણે સત્સંગમાં ખાસ કાળજી એ રાખવાની કે, ભગવાન, સાધુ ને ભક્તનો દ્રોહ ના કરવો. દ્રોહ એટલે એમના અભાવ-અવગુણની વાતો કરવી, એમની ક્રિયાને વગોવવી એ દ્રોહ છે. જોયેલી વાત પણ જો ખોટી હોઈ શકે તો પછી સાંભળેલી વાત ક્યાંથી સાચી હોય ? તો સાંભળેલી, જોયેલી એવી વાતોનું વતેસર કરી ચાડીચુગલી કરે તો એ દ્રોહ કર્યો કહેવાય. ભગવાનના ભક્ત તો ગમે તેવા હોય પણ એમનાં ગુણગાન ને મહિમા જ ગાવાં અને સાંભળવાં; આ એક ઢબ પાડી દેવાની તો ભગવાન રાજી રાજી ને રાજી ! યોગીબાપા એટલે કહેતા કે, સો અવગુણ હોય પણ એનામાં એક ગુણ હોય તો એ એક ગુણ ઉપર ફોકસ કરીને જો ગુણ ગાયા કરશો તો તમારામાં રહેલા ૧૦૦ અવગુણ નીકળી જશે. લ્યો, અવગુણ ટાળવા માટે બીજો કોઈ પ્રયત્ન નહીં કરવાનો.

'વચનામૃત'માં ભગવાને એક જગ્યાએ કહ્યું કે, 'ઊર્ધ્વરેતા બ્રહ્મચારી હશે, જે ફિઝિકલ દેહે કરીને તો સ્ત્રીથી દૂર જ છે પણ, વિચારમાં પણ કોઈ સ્ત્રીને વિશે એ ચલિત નથી થયો એવો માણસ-એવો સાધુ પણ જો કોઈ ભક્તના કામ-ક્રોધાદિક દોષનો અવગુણ લેશે કે, 'આ આવો છે ને તેવો છે' તો એ કૂતરા જેવો કામી થઈ જશે. અને કૂતરા જેવો કામી હશે તો પણ જો એ હરિભક્તને નિર્દોષ માનશે, દિવ્ય માનશે



> “ભગવાનના ભક્ત તો ગમે તેવા હોય પણ
> એમનાં ગુણગાન ને મહિમા જ
> ગાવાં અને સાંભળવાં;
> આ એક ઢબ પાડી દેવાની તો
> ભગવાન રાજી રાજી ને રાજી !”

તો ઊર્ધ્વરેતા બ્રહ્મચારી જેવો થઈ જશે.’ લ્યો ! શ્રીજીમહારાજે દોષ ટાળ્યાનો સરળ ઉપાય બતાવ્યો.

ભક્તને જેવા માનો તેવા તમે થાવ. સત્પુરુષને તમે જેવા માનો તેવા તમે થાવ. આપણે કેવા થવું છે તે આપણા ઉપર છે. મોટા પુરુષને, સંતોને, ભક્તોને જો નિષ્કામી માનશો તો નિષ્કામી થઈ જશો. નિર્લોભી માનશો તો નિર્લોભી થઈ જશો. નિઃસ્વાદી માનશો તો નિઃસ્વાદી થઈ જશો. નિષ્ક્રોધી માનશો તો નિષ્ક્રોધી થઈ જશો. નિઃસ્નેહી માનશો તો નિઃસ્નેહી થઈ જશો. જેવા તમે માનશો એવા તમે થશો. તમે કેવા છો એ અગત્યનું નથી. આ સંતો-ભક્તો બહુ મોટા છે એવા માનશો તો તમારી મોટપ વધી જશે. એમનો દ્રોહ કરશો, એમને વગોવશો, એમની આડી-અવળી વાતો કરીને એમની ફજેતી કરશો, એમનો દ્રોહ કરશો તો ભગવાન કહે, એ ગુનો હું માફ કરીશ નહીં.

ઘણી વખત દૃષ્ટાંત આપું છું. એક ધ્યાની, સેવાભાવી હરિભક્ત હતા. ખાદીનાં કપડાં પહેરે, સાત્ત્વિક આહાર ખાય, બકરીનું દૂધ પીએ અને ‘સિમ્પલ લિવિંગ હાઈ થિન્કિંગ’ એ થીમ પર એમનું જીવન હતું. આણંદમાં તેઓ બહુ મોભાદાર વ્યક્તિ ગણાય. તેઓ સત્સંગમાં આવ્યા, યોગીબાપાના યોગમાં આવ્યા. એમનું સમર્પણ પણ જબરું હતું ! પરંતુ, એ ભગત ૭૦ વરસની મોટી ઉંમરે અચાનક કામના દોષથી પીડાવા લાગ્યા. અંદરથી કામનો દોષ ખૂબ પીડે. ઉપવાસ કર્યા, બહુ ધૂન-ભજન કર્યાં, પણ દોષ એમનો છાલ ના મૂકે. યોગીબાપા બોચાસણમાં બિરાજમાન હતા, ત્યાં જઈ બાપાના ખોળામાં માથું મૂકીને રડ્યા ને કહ્યું, ‘બાપા, આ ઉંમરે આટલા દિવસથી હું હેરાન થઉં છું, હું આખો દિવસ ભજન કરું છું, પ્રાર્થના કરું છું પણ આ દોષ મને બહુ હેરાન કરે છે, તેમાંથી મને છોડાવો.’ એવી બધી નિષ્કપટભાવે બાપાને વાતો કરી. ત્યારે દાદુકાકા ને પપ્પાજીએ બહેનોને ભગવાન ભજવાનું કામ ઉપાડ્યું હતું. તેમાં ઘણી જગ્યાએ એનો ખૂબ વિરોધ થતો, દાદુકાકા ને પપ્પાજી માટે આડી-અવળી બહુ વાતો થતી, બહુ વગોવણી થતી. અને ત્યારે આવી આડી-અવળી વાતો સાંભળીને આ મુક્તરાજ પણ દાદુભાઈ આવા છે ને તેવા છે, આ પ્રવૃત્તિ બંધ થવી જોઈએ એવો ઝંડો લઈને ફરતા હતા. એમણે તો બહેનોની આ પ્રવૃત્તિ બંધ કરાવવા માટે પ્રમુખસ્વામી પાસે જઈને ચર્ચા કરી હતી અને પ્રમુખ સ્વામીને પણ સલાહ આપી આવેલા કે, તમે સંસ્થાના પ્રમુખ છો તો આ પ્રવૃત્તિઓ બંધ કરાવો. તેઓએ યોગીબાપા પાસે રડતાં રડતાં નિષ્કપટ ભાવે દોષ પીડે છે તે બધી વાતો કરી એટલે યોગીબાપાએ એમને સીધો પ્રશ્ન પૂછ્યો કે, ‘તમે અમને કેવા માનો છો ?’ ત્યારે કહે, ‘બાપા, આપ તો સાક્ષાત્ પ્રભુનું સ્વરૂપ છો. મહારાજ સાક્ષાત્ આપનામાં બિરાજમાન છે, મહારાજ આપના થકી આશીર્વાદ આપે છે, દર્શન આપે છે. અને કર્તાહર્તા આપ છો પ્રભુ !’ તો બાપા ધીમે રહીને પૂછે છે કે, ‘દાદુભાઈમાં રહીને કોણ કામ કરે છે ?’ ત્યારે તેઓ કહે, ‘બાપા આપ જ કરો છો.’ બાપા કહે, ‘તો તમે શું કામ માથાકૂટ કરો છો ? પ્રમુખસ્વામી પાસે જઈ, દંડવત્ કરી, માફી માગજો કે, મેં આપને જે બધું કહ્યું એ મારી ભૂલ હતી, મને માફ કરો.’ એ સમયે પ્રમુખસ્વામી અમદાવાદ હતા અને અમદાવાદથી એ જ દિવસે રાત્રે ગુજરાત મૅઈલમાં બૉમ્બે જતા હતા. બાપા કહે, ‘આજે રાત્રે ગુજરાત મેઈલમાં પ્રમુખસ્વામી બૉમ્બે જાય છે, આણંદ સ્ટેશને પાંચ-સાત મિનિટ ગુજરાત મેઈલ ઊભો રહે છે, ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં હશે તો તમે ડબ્બામાં જઈ, દંડવત્ કરી, ખોળામાં માથું મૂકી માફી માગજો. ત્યારે તમારું બધું બંધ થઈ જશે. અને છાત્રાલયમાંથી સાક્ષી તરીકે જશભાઈને સાથે લઈ જજો.’ તેઓ બપોરે મને છાત્રાલયમાં આવીને કહી ગયા.

મારે ત્યારે M.Sc.નું વર્ષ હતું. હું સાઈકલ લઈને રાત્રે આણંદ સ્ટેશને ગયો અને તેઓ સ્ટેશને આવ્યા. આણંદ સ્ટેશને રાત્રે ૧૧:૦૦ વાગ્યે ગુજરાત મેઈલ આવે એટલે અમે ૧૦:૦૦ વાગ્યાના પહોંચી

ગયેલા. અમે સ્ટેશનના બાંકડા પર બેઠેલા ત્યારે એ ભગતે મને આ બધી વાત કરી હતી એટલે મને ખબર છે. ગુજરાત મેઈલ સ્ટેશને ઊભો રહ્યો એટલે પ્રમુખ સ્વામીબાપાનાં દર્શન કર્યાં, દંડવત્ કર્યા. પછી પ્રમુખ સ્વામીના ખોળામાં માથું મૂકીને તેઓ કહે, 'મેં જે જે તમને બધી વાતો કરી હતી, ફરિયાદો કરી હતી એ ખોટી છે. અને તમને સલાહ આપવા આવ્યો હતો એ બાબતની હું તમારી પાસે માફી માંગું છું.' આમ, યોગીબાપાએ પ્રમુખ સ્વામીને દંડવત્ કરાવીને માફી મંગાવી ત્યારે એ માણસને એ દોષની નિવૃત્તિ થઈ ગઈ.

આપણા ઈષ્ટદેવને ગાળો ના ભંડાય તો પણ યાદ રાખો, ભગવાનને ગાળો ભાંડશો તો તમને કશું નહીં થાય. કારણ કે, ભગવાન તો ઉદાર છે, દયાળુ છે, માવતર છે. એટલે કૃપાળુ આપણને માફ કરી દે. પણ જો કોઈ ભક્તને દુખવીએ તો ભગવાન કહે, 'એ અપરાધ હું કદી માફ નહીં કરું.' આપણે તો ભગવાનના ભક્ત છીએ, ભગવાનને રાજી કરવાના માર્ગે નીકળ્યા છીએ. ભગવાનના થઈને જીવન જીવી હઠ, માન, ઈર્ષ્યા ને કામ-ક્રોધાદિક દોષ રહિત થવાની સાધનાના માર્ગે ચાલી રહ્યા છીએ તો આપણે તો એમાં પડાય જ નહીં.

કોઈ કહે, 'આ દૂધ બહુ સરસ છે, તાજું છે, ગાયનું છે, પણ તેમાં એક ટીપું નાગનું ઝેર પડી ગયું છે, પણ બહુ સરસ છે-તમે પીઓ.' તો તમે પીશો ? ગમે એટલું સારું, તાજું દૂધ હોય તોય ના પિવાય. એમ, સર્વાંગ સુંદર હોય, ભગવાનના નિયમ-ધર્મ અપ-ટુ-ડેટ પાળતા હોય, સરસ રહેતા હોય, માળા ફેરવતા હોય, એક પગે ઊભા રહી તપ કરતા હોય, ૫૦ દંડવત્ પ્રણામ કરતા હોય, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો કે સાધુનો જો અપરાધ કરતા હોય તો ભગવાન કહે, 'તમારું સારું નહીં રહે, તમારું કોઈ સાધન મને પહોંચશે નહીં.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'કોઈ ભક્ત બેઠો બેઠો ગુણગાન ને મહિમા ગાતો હશે તો એને સૂવા માટે સુખપાલનો પલંગ આપીશ, એની સેવા કરનારા સેવકો મોકલીશ અને સાકરના શીરાનું ભોજન જમવા માટે મોકલીશ.' લ્યો, ગુણગાન ને મહિમા ગાવામાં આટલું સુખ મળે, પણ માણસ ગાઈ નથી શકતા. ખબર નહીં શું છે ? આપણી એ જ નબળાઈ છે.

**માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં. અને વળી, ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે, તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહીં. અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે.**

પહેલું ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ ના કરવો અને બીજું ભગવાનને નિરાકાર કહે એને મોટો અપરાધ કહ્યો. ભગવાનના ભક્તનો દ્રોહ કરવા કરતાં પણ મોટો અપરાધ ભગવાનને નિરાકાર-કોઈ આકાર નથી એમ માનવું એ છે.

ઉપાસના બે પ્રકારની છે : એક સાકારની અને બીજી નિરાકારની. નિરાકારવાદીઓ મૂર્તિને ભજતા નથી. તેઓ ભગવાનને માને છે, પણ ભગવાનના આકારનો સ્વીકાર નથી કરતા. એટલે ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વીકાર નથી કરતા. તેઓ આકારને માનતા જ નથી. એમનાં મંદિરોમાં મૂર્તિઓ જ નહીં હોય. તો ભગવાન કહે, ભગવાનનો આકાર ના માને, નિરાકાર કહે એ મોટો અપરાધ છે. અહીં જે યુવક-યુવતીઓ બેઠાં છે એમણે ખાસ સમજવાનું કે, આ બહુ અગત્યનું છે. જેમ આપણો આકાર છે - બે હાથ છે, બે પગ છે, બે આંખ છે, માથું છે; આ આખું શરીર છે એમ ભગવાન પણ દેહધારી છે. મારા-તમારા જેવા છે, એમને પણ આકાર છે. ભગવાન સદાય સાકાર છે. આપણી સાકારની ઉપાસના છે. આપણો જેમ આકાર છે એમ આપણા પ્રભુનો પણ આકાર છે. તર્કશાસ્ત્રીઓ એનું ખંડન કરે, તમને એવા કન્વિન્સ કરે કે તમે ભગવાનને માનો જ નહીં, તમને નાસ્તિક બનાવી દે. પણ આપણા આત્મામાં જો જડબેસલાક નિષ્ઠા હોય કે, અમારા ભગવાન સદાય સાકાર ને પ્રગટ છે.

> "મહિમા ગાવાની અત્યારથી ટેવ પાડી દેવાની.
> સારું જ બોલવાનું,
> સારું જ સાંભળવાનું અને
> અમહિમા, ભાવફેર, નિંદાની કોઈ વાત કરે તો
> આપણને ગમવું ના જોઈએ."





> “ભગવાન તો સદાય સાકાર છે.
> અક્ષરધામમાં બિરાજમાન છે.
> અક્ષરધામરૂપ એવા જે સાધુ,
> તેમનામાં બિરાજમાન છે.”

માનવરૂપે એવા સાધુ દ્વારા અમને ભગવાન પ્રગટ મળ્યા છે. અને તેઓની આજ્ઞામાં રહી, સંતો-ભક્તોની નિર્દોષભાવે સેવાઓ કરીએ તો પ્રભુપ્રસન્નતાથી આપણે નિરાકાર થઈ રહીશું. એટલે આપણાપણાનો ભાવ જતાં સાધુતા પ્રાપ્ત થશે. પ્રગટ સાકાર પ્રભુનાં સુખ-શાંતિ-આનંદના ભોક્તા બની રહીશું. એટલે એ પ્રગટ સાકારપણાના નિશ્ચયમાં, એ નિષ્ઠામાં કોઈ ફેરફાર ના થાય એને નિરુત્થાન નિશ્ચય કહ્યો.

નિરુત્થાન નિશ્ચય એટલે શું ? તો મારું નામ જશભાઈ છે. ધારો કે, આ સભામાં હું ઘસઘસાટ ઊંઘતો હોઉં ને આટલા બધામાં કોઈ 'જશભાઈ' કહીને બૂમ પાડે તો હું જ બોલું, 'બોલો.' મને એટલું બધું મારું જશભાઈ તરીકેનું ભાન હોય. ઊંઘમાંથી ઉઠાડો, અમેરિકામાં કે ગમે ત્યાં જતો હોઉં, પણ તમે જશભાઈના નામે બૂમ પાડો તો તરત કાન સરવા થાય. આપણા નામનો, આપણા ગામનો, આપણાં મા-બાપનો, આપણા ઘરનો આપણને કેવો નિશ્ચય છે ! દારૂડિયો ગમે એટલાં લથડિયાં મારતો હોય પણ પોતાના ઘરે જ જાય. કોઈ કહે, 'તમે જશભાઈ નથી, તમારું નામ તો મોહનભાઈ છે.' તો આપણે કહીએ, 'તારું મગજ ફર્યું લાગે છે, હું જશભાઈ જ છું.' એમ કોઈ કહે કે, 'ભગવાન નિરાકાર છે.' તો કહીએ કે, 'તારું મગજ ફર્યું લાગે છે. અમારા ભગવાન તો સાકાર છે ને માનવરૂપે પ્રગટ છે.' એ નિરુત્થાન નિશ્ચય કહેવાય ! એમાં કોઈ ડગમગાટ નહીં. એવી સાકારની ઉપાસનાનું ગઢડા પ્રથમ ૭૧નું વચનામૃત બૅસ્ટ વચનામૃત છે.

બે અપરાધ કહ્યા. એક તો ભગવાનને નિરાકાર કહે એ મોટો અપરાધ અને ભગવાનના ભક્તોની ચાડીચુગલી કરો, એમની ખટપટ કરો, એમની નિંદા કરો, એમને ફજેત કરો, એમની સાંભળેલી વાતોનો ચેરીને ફેલાવો કરો એટલે કે એમનો દ્રોહ કરો તો ભગવાન કહે, હું એ ભક્તને માફ નહીં કરું.

**અને ભગવાન તો સદા સાકારમૂર્તિ છે, તેને જે નિરાકાર સમજવા એ જ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે**

ભગવાન તો સદાય સાકાર છે. અક્ષરધામમાં બિરાજમાન છે. અક્ષરધામરૂપ એવા જે સાધુ, તેમનામાં બિરાજમાન છે. સયાજીરાવ ગાયકવાડનો મહેલ આટલો સારો છે તો ભગવાનને રહેવાનું ધામ આકાશમાં કેવું ઝગમગાટવાળું હશે ? ના. અક્ષરધામરૂપ થયા, ગુણાતીતભાવને પામ્યા, એવા સાધુ દ્વારા અમે પ્રગટ રહીશું ; મહારાજને એ કહેવું છે. અમે સદાય અક્ષરધામમાં બિરાજમાન છીએ-એ અક્ષરધામ એટલે ગુણાતીત સાધુ. એમનું એ વ્યતિરેકપણું કે વ્યક્તિરૂપે પ્રભુ બિરાજમાન છે, અને અન્વયરૂપે એ પોતાના ધામ અક્ષરધામમાં બિરાજમાન છે. અન્વયરૂપે ભગવાન મારા-તમારા સર્વત્રમાં બિરાજમાન છે. અને વ્યતિરેકપણે એટલે ગુણાતીત દ્વારા, અખંડ ગુણાતીતભાવમાં રહે છે એવા સાધુ દ્વારા ભગવાન અખંડ આપણને દર્શન દે છે.

**અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે જ કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે ;**

પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વી પર આવે છે ત્યારે જે જે વસ્તુને ગ્રહણ કરે છે એ બ્રહ્મરૂપ છે. એટલે, પ્રસાદ ગ્રહણ કરે, કપડાં ગ્રહણ કરે, આપણને ગ્રહણ કર્યા. આપણે બ્રહ્મરૂપ એટલે કહેવાયા કે, ભગવાને આપણો સ્વીકાર કર્યો છે.

**રામ-કૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા દશ ઈન્દ્રિયો, પંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી. તે માટે એ ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.**

એવા ગુણાતીત સાધુ ખાવા-પીવાની, હરવા-ફરવાની બધી જ ક્રિયાઓ આપણા જેવી જ કરતા હોય. તેઓની બધી ક્રિયા માનવીય ક્રિયા હોય, પણ તેઓ જે જે ગ્રહણ કરે છે એ બધાના ભાવ ગ્રહણ કરે છે, યાદ રાખો ! જમે છે તો ભાવ ગ્રહણ કરે છે. પ્રસાદ લે છે તો ભાવ ગ્રહણ કરે છે. એ જેમનો જેમનો ભાવ ગ્રહણ કરે એમનું હંમેશાં રૂડું થાય છે. એટલે પ્રસાદ કરવો, મહારાજને વાઘા પહેરાવવા, ભક્તોને જમાડવા, એનો મહિમા એટલે છે. ભક્તો ભેળા ભગવાન જમતા હોય તો પ્રભુ એનાથી રાજી થાય છે. અને તેઓ દિવ્ય છે, નિર્દોષ છે, માટે ભગવાનના આકારનું કદી ખંડન કરવું નહીં. આમ, બે અપરાધ ના કરવા. પહેલો ભગવાનના ભક્તનો દ્રોહ ના કરવો અને બીજો ભગવાનને નિરાકાર ના કહેવા. ગોષ્ઠિ કરવી પણ તે મહિમા ગાવાની કરવી. મહિમા ગાવાની અત્યારથી ટેવ પાડી દેવાની. સારું જ બોલવાનું, સારું જ સાંભળવાનું અને અમહિમા, ભાવફેર, નિંદાની કોઈ વાત કરે તો આપણને ગમવું ના જોઈએ.

ફર્સ્ટક્લાસ રસોઈ જમતા હોય, પણ એકાદ કાંકરી આવે તો મજા આવે ? મોઢા ઉપરથી જ ખબર પડે કે આના ખાવામાં કાંકરી આવી છે. એમ, અહિમા-ભાવફેરની વાત થાય ત્યાં એકદમ સિરિયસ થઈ જવું એટલે સામો માણસ અટકી જાય. એને એમ થાય કે, આને શું થઈ ગયું ? એવું હોવું જોઈએ. ભગવાનના ભક્ત ગમે તેવા હોય, એમના વિશે ભાવફેર-અમહિમાની વાતો આપણે તો ના જ કરીએ, પણ કોઈ કરવા આવે તો એમનું ચલાવી પણ ના લઈએ. તો એવા ભગત માટે ભગવાન કહે, 'તે ગમે એવો હશે તોય અમે એને સુખિયો કરીશું. એના સઘળા મનોરથ અમે પૂરા કરીશું.' તો એક તો ભગવાનને સાકાર, કર્તા-હર્તા માનીએ, પ્રગટ માનીએ કે એવા સાધુ દ્વારા આપણને પ્રગટ મળ્યા છે. એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ છે, તો બે હાથ જોડી તેઓની આજ્ઞા પાળીએ ને ભક્તોમાં સુહૃદભાવ રાખીએ.

> "પ્રભુએ સ્વીકાર કર્યા એ બધા બ્રહ્મરૂપ !
> મારો-તમારો-સૌનો ભગવાને સ્વીકાર કર્યો છે
> એટલે આપણે બધા બ્રહ્મરૂપ છીએ.
> આપણે બ્રહ્મરૂપ છીએ એનો આપણે
> સ્વીકાર કરીએ તો
> એનો આપણને આનંદ આવશે."

વચનામૃત ગઢડા પ્રથમ ૭૧માં મહારાજે આ બે ખાસ મુદ્દા આપ્યા : એક, ભગવાન સદાય સાકાર છે, દિવ્ય છે, પ્રગટ છે. બીજું, એમના સંબંધવાળા સર્વે બ્રહ્મ છે. અશ્વિનભાઈ ઘણી વખત ભજન ગાય છે, 'આજે કોઈ, કાલે કોઈ, તારું સ્વરૂપ થાશે.' કોઈ વિદ્યાર્થી મૅડિકલ કૉલેજમાં દાખલ થાય અને પહેલા જ વર્ષમાં હોય તોય એને બધા ડૉક્ટર કહેવા માંડે. હજુ એ પાંચ વરસ પછી ડૉક્ટર થવાનો છે, પણ મૅડિકલ કૉલેજમાં દાખલ થયો, અને કદાચ એકાદ વરસ ગાપચી મારશે તોય છ-સાત વરસે તે ડૉક્ટર થશે, થશે ને થશે. એમ, જે પ્રભુના સંબંધમાં આવ્યા, પછી તે હતપતિયો, માથાકૂટિયો હશે તો બે-પાંચ વરસ મોડો થશે, પણ, આજે કોઈ, કાલે કોઈ, તારું સ્વરૂપ થાશે, ગુણાતીતભાવને એ પામશે.

ભગવાનનો આશરો હોય, સત્પુરુષની કૃપાદૃષ્ટિવાળા હોય, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિવાળા હોય, ભગવાનને સદાય સાકાર, દિવ્ય ને પ્રગટ માનીને, કર્તાહર્તા માનીને સત્પુરુષની આજ્ઞા પાળતા હોય એવા બધાય ભક્તો બ્રહ્મરૂપ થયા. પ્રભુએ સ્વીકાર કર્યા એ બધા બ્રહ્મરૂપ ! મારો-તમારો-સૌનો ભગવાને સ્વીકાર કર્યો છે એટલે આપણે બધા બ્રહ્મરૂપ છીએ. આપણે બ્રહ્મરૂપ છીએ એનો આપણે સ્વીકાર કરીએ તો એનો આપણને આનંદ આવશે.

તો ખાસ, આ બે મુદ્દા રોજબરોજનાં જીવનના વર્તનમાં લાવવા છે. ભૂલેચૂકે કોઈની અમહિમા, ભાવફેરની વાતમાં પડાય નહીં, કહેવાય નહીં કે સંભળાય નહીં. અને ભગવાન સદાય સાકાર, પ્રગટ ને કર્તાહર્તા છે, છે ને છે. અને એવા સાધુ દ્વારા મને પ્રગટ મળ્યા છે. ગમે એવા તર્કશાસ્ત્રીઓ સમજાવવા જાય તો પણ એ માનીનતામાં, એ દૃઢતામાં સહેજ પણ ફરક ના પડે એ નિરુત્થાન નિશ્ચય ! એવો નિશ્ચય અને ભક્તોને વિશે નિર્દોષભાવ ને દિવ્યભાવ હોય તો ભગવાન રાજી, રાજી ને રાજી !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

